જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૬/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૩૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૫૫	૬	૧૧૫૬૧	૧૭૬૭૦	૬	૧૭૬૭૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૬	૦	૪૭૨૬	૬૨૬૧	૦	૬૨૬૧
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૯૧૪૨	૫૮૪	૫૯૭૨૬	૫૯૭૨૭	૫૬૪	૬૦૨૯૧
કુલ		૭૫૫૧૫	૫૯૦	૭૬૧૦૫	૮૩૯૯૦	૫૭૦	૮૪૫૬૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૩	૩,૦૦,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦૮૭	૩૦,૮૭,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

પ્રોહિબીશનના ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતા આરોપી વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે પ્રોહિબીશનના ગુનામાં સંકળાયેલ આરોપી રણજીતસિંહ સ/ઓ રાધેશ્યામ દેવાજી ચૌહાણ ઉ.વ.૪૨ રહે-મ.નં.૦૬, કૈલાશનગર, પાણીની ટાંકીની સામે, પ્રેમનગર, મેમ્કો, નરોડા રોડ અમદાવાદ શહેર નાને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૪૨૦/૨૦૨૧ તા.૨૪/૦૬/૨૦૨૧ આધારે પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ ભુજ પાલારા ખાતે મોકલી આપવામાં આવેલ છે.



નરોડા પોલીસ સ્ટેશન

પ્રોહીબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૦૬૮/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૨૧/૨૦૨૧ તા-૨૪/૦૬/૨૦૨૧ ના હુકમ આધારે ચંદ્રીકાબેન મોહનલાલ લુહારને તા-૨૫/૦૬/૨૦૨૧ ના કલાક ૧૪/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૫/૦૬/૨૦૨૧

આરોપીનુ નામ –

ચંદ્રીકાબેન મોહનલાલ લુહાર ઉ.વ ૪૨ રહે: મ.નં એ/૧૦૧ સદગુરુ લેન્ડમાર્ક વ્હાઈટ એલીગન્સની પાસે દહેગામ રોડ નરોડા અમદાવાદ શહેર મુળવતન:ગામ:ડેરી તા.ખેરવાડા જી.ઉદેપુર (રાજસ્થાન)

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૩૦૪ લીટર દેશી દારૂ, ૧૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૪૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૧૪૧/૨૦૨૧**

શાહીબાગઃ મનોજ બુધ્ધારામ પ્રજાપતિ (ઉ.વ.૨૯) (રહે. ધરણીધર એવન્યુ, મધુવન ગ્લોરીની બાજુમાં કૃષ્ણનગર નવા નરોડા) એ તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૧૫ થી તા.૨૧/૦૩/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આદિત્ય દિનેશભાઇ સોની (૨) દિનેશભાઇ નવલકિશોર સોની (બન્ને રહે. કમલા નવલ, ગણપત કોલોની સિવિલ હોસ્પિટલ સામે શાહીબાગ) (૩) હર્ષ નિતિનભાઇ ત્રીવેદી (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ ભેગા મળી શાહીબાગ શુકનમોલમાં આવેલ દુકાન નંબર-૨૩ "સોની ઇનવેસ્ટમેન્ટ હોલ્ડીંગસ" નામની ઓફિસ ખાતે સી.એન.સી.મશીન ટ્રેડિંગ માટે મનોજ પ્રજાપતિ પાસેથી રૂપિયા ૭૦,૦૦,૦૦૦/- લઇ મુડી તથા વળતર સાથે પૈસા પરત આપવાનો વાયદો કરી પૈસા પરત નહી આપી દુકાન બંધ કરી દેતા પૈસાની માંગણી કરતાં ધમકીઓ આપી પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૧૪૨/૨૦૨૧**

સેટેલાઇટઃ મથાઇ કે.યોહનાન (ઉ.વ.૭૪) (રહે. અશોકકુમાર સોસાયટી પ્રેરણાતીર્થ દેરાસર રોડ સેટેલાઇટ) એ તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૦ થી તા.૨૨/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની પાછળના ભાગે લોખંડની જાળીનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની કડી કિમત રૂપિયા ૩૦૦૦/-, કાંટા ઘડિયાળ નંગ-૫ કિમત રૂપિયા ૫૦૦૦/-, તિજોરીના ડ્રોઅરમાંથી ૩૦૦ યુરો કરન્સી જેની ભારતીય ચલણ મુજબ રૂપિયા ૩૦,૦૦૦/-, ૧૦૦ ડોલર જેની ભારતીય ચલણ મુજબ રૂપિયા ૭૫૦૦/-, બ્રાસ લેમ્પ નંગ-૧ કિમત રૂપિયા ૨,૦૦૦/-, તથા બ્રાસ ટ્રે નંગ-૧ કિમત રૂપિયા ૫૦૦/- તમામ મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિંબોલા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૧૧૪૩/૨૦૨૧**

નિકોલઃ ભીખીબહેન ગંગારામભાઇ પંચાલ (ઉ.વ.૫૭) (રહે. શિરોમણી પાર્ક, બાપા સીતારામ ચોક, કૃષ્ણનગર, નવા નરોડા) તા.૦૮/૦૬/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે નિકોલ ધરતી સોસાયટીના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગના એકટીવા ઉપર આવેલ એક પુરૂષ ભીખીબહેન પંચાલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભીખીબહેન પંચાલે તા.૨૪/૦૬/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પીપરોતર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૧૪૪/૨૦૨૧**

અમરાઇવાડીઃ આનંદભાઇ ભુદરભાઇ સાંસીયા (ઉ.વ.૨૫)(રહે.શકિતનગર વિભાગ-૪, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૬/૨૦૨૧ ક્લાક ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસીંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

નિકોલઃ પ્રશાંતભાઇ શૈલેષભાઈ રંગાણી (ઉ.વ.૨૩)(રહે.આદર્શ ફ્લોરા, ભોજલધામ સામે, કાનબા હોસ્પીટલની બાજુમાં, નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

ઇસનપુરઃ સતીષભાઇ ભગવાનભાઇ લોધા (ઉ.વ.૨૦) (રહે.શક્તિપાર્ક સોસાયટી, મહાવિર સ્કુલ પાસે વિશાલનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી